આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૪ | ૨૫ મે, ૨૦૧૩, શનિવાર; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ભૂલો વિનાનું
જીવન એટલે
નિરસ જીવન
- ઓસ્કાર વાઈલ્ડ

# જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન પટેલનું રાજીનામુ મંજૂર

## નવા પ્રમુખની ચૂંટણી ચોમાસાના આરંભ થવાની શક્યતાઓ : ઉપ પ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોર સોમવારે કાર્યકારી પ્રમુખ તરીકે ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન દિલીપભાઈ પટેલે પોતાના હોદ્દા પરથી આપેલા રાજીનામાને વિકાસ કમિશનરશ્રીએ મંજૂરીની મહોર મારી દીધી છે અને પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતજી ઠાકોરને નવા પ્રમુખની વરણી થાય નહિ ત્યાં સુધી ચાર્જ સંભાળવા જણાવાયું છે. પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી ચોમાસાના આરંભે યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે ૨૦મીના રોજ પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ હતુ. ચાર દિવસ બાદ આજે વિકાસ કમિશનરશ્રીએ તેને મંજૂરી આપી દીધી છે અને આ રાજીનામુ મંજૂર કરવામાં આવ્યાની જાણ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરી દીધી છે.

પંચાયત અધિનિયમની જોગવાઈઓ મુજબ એક મહિના સુધી આ રાજીનામાને લઈ શ્રીમતી મંગીબેન પટેલને અપીલ માટેનો સમયગાળો આપવામાં આવ્યો છે. જો કે શ્રીમતિ પટેલે સ્વૈચ્છીક રીતે રાજીનામુ આપ્યું હોવાથી અપીલ કરવાનો મુદ્દો ઉપસ્થિત થતો નથી.

શ્રીમતિ મંગીબેન પટેલનું રાજીનામુ મંજૂર થતાં જ પંચાયતના તંત્રએ વર્તમાન ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતજી ઠાકોરને પ્રમુખ તરીકેનો કાર્યભાર સોંપવા બાબતની કાર્યવાહી હાથ ધરી છે. શ્રીમતિ ભીખીબેન ઠાકોર સોમવારે તેમનો આ નવો ચાર્જ સંભાળી લે તેવી શક્યતાઓ છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શ્રીમતિ મંગીબેન પટેલે સ્વૈચ્છીક કારણોસર હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. એટલે કદાચ ૧૫ દિવસ બાદ નવા પ્રમુખની ચૂંટણી માટેની કવાયત વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

# સટ્ટો રમાડતા બુકીઓ સામે પાસા કરવા પોલીસને કડક સૂચના

ગાંધીનગર, તા.૨૪

ક્રિકેટ જગતના સહુથી મોટા સટ્ટાકાંડનો રેલો ગુજરાત સુધી આવતા ચોંકી ઉઠેલી રાજ્ય સરકારે ગુજરાતના રીઢા બુકીઓ તથા જુગારીઓ સામે પાસા હેઠલ પગલા ભરવાની રાજ્યના તમામ પોલીસ, ડીએસપી સહિત ઉચ્ચ અધિકારીઓને કડક તાકીદ કરી છે. તાજેતરમાં બહાર આવેલા ક્રિકેટ સટ્ટાકાંડમાં ગુજરાતના બુકીઓની પણ મોટી ભૂમિકા રહી હોવાથી તેમજ આ બુકીઓને ઝડપી લેવા ઠેર ઠેર મોટા પાયે દરોડા પણ પાડવામાં આવ્યા હોવાથી ઠેવટે રાજ્યના ગૃહ વિભઆગે એક પરિપત્ર બહાર પાડી ગુજરાત જુગાર પ્રતિબંધક ધારાનો કડક અમલ કરવાનો પોલીસ તંત્રને આદેશ આપ્યો છે. આ ઉપરાંત ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરફથી યોજવામાં આવૃત્તી વીડિયો કોન્ફરન્સમાં પણ આ દિશામાં થેલી પ્રગતિની વિગતો પણ રજુ કરવા જણાવવામાં રાજ્યના ગૃહવિભાગ દ્વાર તા. ૨૨મી મેના રોજ જારી કરાયેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યુ છે કે જુગાર-વરલી-મટકા અને સટ્ટાબેટીંગએ એક સામાજિક પ્રવૃત્તિ-બદી છે. રાજ્યમાં આવી અસામાજિક પ્રવૃત્તિઓ તથા ગેરકાયદેસર ચાલતા અડ્ડાઓ બંધ કરાવવા અતિ જરૂરી છે. ગુજરાત જુગારધારા પ્રતિબંધક ધારાનો કડકપણે અમલ થાય તે માટે સરકાર તરફથી અવાર નવાર સુચનાઓ આપવામાં આવે છએ. આ બદીના નિવારણ માટે સરકાર કૃતિનિશ્ચયી છે અને તે માટે વધુ અસરકારક પગલાં લેવયા તેમ ઇચ્છે છે. આવી અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરવવા સરકાર તરફથી અવારનવાર સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ છતાં તેની અમલવારી અસરકારક થતી ન હોવાને કારણે ધાર્યા મુજબના પરિણામો મળતા ન હોવાનું જોવામાં આવ્યું છે. આવી અસામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ ઘટે અને લોકો તેનો ભોગ ન બને એથી આ બાબતને ગંભીરતા પૂર્વક લઈને સરકારની સૂચનાઓનો કડક પણે

● અનુસંધાન પાન-૭ પર

**કોમ્પ્યુટર**
તાત્કાલિક વેચવાના છે
પી-૪, જુજ વપરાયેલા, કીબોર્ડ, માઉસ, કલર મોનીટર સાથે વર્કીંગ કન્ડીશનમાં
સંપર્ક
૦૭૯-૨૩૨૩૩૩૯૯










| Discipline | Annual Intake |
| --- | --- |
| Computer Engineering | 120 |
| Electronics and Communication | 120 |
| Electrical & Electronics Engineering | 60 |
| Instrumentation and Control Engineering | 30 |
| Information and Technology | 90 |